# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-05-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **સુરતમાં સંપન્ન થયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ત્રણ કરોડ 53 લાખ રૂપિયાનાં કુલ 2 હજાર 792 સમજુતી કરાર થયા.**
2) **ખોરાક અને ઔષધિ નિયમન તંત્ર દ્વારા અમદાવાદની ફાર્મા પેઢી પર દરોડાઃ રૂ. એક કરોડ 21 લાખ રૂપિયાનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત.**
3) **પશ્ચિમ એશિયામાં યુધ્ધને પગલે ગેસની અછતને કારણે દોઢ માસથી બંધ મોરબી સિરામિક ઉદ્યોગ પુનઃ ધમધમતો થયો.**
4) **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 12ની તમામ પ્રવાહોની પરીક્ષાનું પરિણામ સોમવારે જાહેર કરાશે.**
5) **પ્રસાર ભારતીના અધ્યક્ષ પદે દૂરસંદેશાવ્યવહાર નિષ્ણાત પ્રસૂન જોશીની નિયુક્તિ.**
6) **આગામી 7 દિવસ સુધી રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેવાની હવામાન વિભાગની આગાહી.**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

**SURAT VIBRANT MOU**

સુરતની ઓરા યુનિવર્સિટી ખાતે આજે સંપન્ન થયેલી બે દિવસની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં દક્ષિણ ગુજરાતના વિકાસ માટે ત્રણ કરોડ 53 લાખ રૂપિયાનાં કુલ **2** હજાર **792** સમજુતી કરાર કરવામાં આવ્યા. સમાપન સત્રને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, આગામી દિવસોમાં તાપી, ડાંગ, વલસાડ અને ભરૂચ જેવાં દક્ષિણ ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં બિન-પ્રદૂષણ ઉદ્યોગોના વિકાસ અને મહિલા ભાગીદારી વધારવાનું સરકારનું આયોજન છે. તેમણે એમ પણ જણાવ્યું કે, પરિષદમાં સુરતનાં પરંપરાગત કાપડ ઉદ્યોગને વધુ સર્વગ્રાહી વસ્ત્ર અને કાપડ ક્ષેત્રનું વિસ્તરણ કરવા પર અને સ્થાનિક ઉદ્યોગનાં આર્થિક સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું.

**(BYTE : HARSH SANGHVI)**

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડા એ જણાવ્યું કે હાલ વૈશ્વિક સ્તરે પૂરવઠા વ્યવસ્થામાં આવેલા અવરોધોને અવસરમાં ફેરવી ભારતને આત્મનિર્ભર, સ્થિતિસ્થાપક બનાવી ઉત્પાદન ક્ષમતા વધારવું સૌથી મહત્વપૂર્ણ છે. સુરતની ઓરા યુનિવર્સિટી ખાતે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં સમાપન સત્રને સંબોધતા શ્રી નડ્ડાએ આ મુજબ જણાવ્યું.

**(BYTE : J P NADDA)**

## SURAT VIBRANT SEMINAR-CONCLAVE

વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-વીજીઆરસીમાં આજે વિવિધ પરિષદો અને ચર્ચા સત્રો યોજાયા હતા.

MSME પરિષદમાં “ઉત્પાદકતા અને સ્પર્ધાત્મક વૈશ્વિક માર્ગો” વિષય પર ચર્ચા સત્ર યોજાયું હતું. આ સત્રમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે મજબૂત પ્લેટફોર્મ પૂરૂં પાડવા, ભારત અને ગુજરાતની અર્થવ્યવસ્થાને ગતિ આપવાના માર્ગો તથા આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં MSME સેક્ટરની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી જીતુ વાઘાણીના અધ્યક્ષસ્થાને વેલ્યુ એડિશન, ગ્રીન એનર્જી અને એક્સપોર્ટ સ્કોપ્સ ઈન કો.ઓપરેટીવ સેક્ટર ઓફ ગુજરાત વિષય પર મંથન કરાયું હતું. આ ઉપરાંત, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી પ્રવિણ માળીની ઉપસ્થિતિમાં ‘ઇનેબલિંગ ગુજરાત સર્ક્યુલર ટ્રાન્ઝીશનઃ પોલિસી, પાર્ટનરશીપ એન્ડ પાથવેઝ વિષય પર સેમિનાર યોજાયો હતો. શ્રી માળીએ પર્યાવરણ અને ઉદ્યોગોના સહ-અસ્તિત્વ પર તેમજ પર્યાવરણ સુરક્ષા માટે ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે રાજ્યના ઉદ્યોગકારોને નવીનતા અપનાવીને ગુજરાતને અન્ય રાજ્યો માટે પણ પ્રેરણારૂપ મોડેલ સ્ટેટ બનાવવા અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત, “આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી” વિષયનાં સેમિનારમાં ઉદ્યોગ સાથે સંકળાયેલા નિષ્ણાતોએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધતા પ્રભાવ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબિશન પાંચમી મે સુધી શહેરીજનો માટે ખુલ્લુ રહેશે. જેમાં નાગરિકોને વિનામુલ્યે પ્રવેશ મેળવી શકશે.

# FAKE MEDICINE AND PANEER

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદની ફાર્મા પેઢીઓ પરના દરોડામાં અંદાજે એક કરોડ 21 લાખ રૂપિયાનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા, સાવલી અને ભરૂચ જેવા સ્થળોએ ફાર્મા પેઢીઓ પર દરોડા પાડીને શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી છે, તેમ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ કહ્યું હતું.

શ્રી પાનસેરીયાએ જણાવ્યું છે કે, "રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરશે નહીં. તેમણે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે બેઠક યોજીને નકલી દવાઓનું ખરીદ-વેચાણ કરતી પેઢીઓ સામે કડક પગલાં લેવા સૂચના આપી હતી.

દરમિયાન, રાજ્યનાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ પનીરના નામે એનાલોગ ડેરી ઉત્પાદનો વેચીને થતી છેતરપિંડી રોકવા માટે હાથ ધરેલી ઝૂંબેશ અંતર્ગત ઉત્પાદન એકમો, રેસ્ટોરન્ટ, ઢાબા અને ફેરિયાઓ સહિત કુલ 4 હજાર 193 એકમોની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, આ તપાસ દરમિયાન અંદાજિત એક લાખ 83 હજાર 240 રૂપિયાનાં મૂલ્યનો આશરે એક હજાર 18 કિલોગ્રામ શંકાસ્પદ પનીર/એનાલોગનો જથ્થો જપ્ત કરી, સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ અંગે **270** એકમોને તંત્ર નોટિસ પાઠવવામાં આવી છે અને **118** શંકાસ્પદ નમૂના લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા છે.

રાજ્યની મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ પાસેથી કુલ 2 લાખ 84 હજાર 300 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

## TERRORIST IN KUTCH

વિશેષ કાર્ય દળ- પશ્ચિમ કચ્છ-ભુજ ની ટીમે ચોક્કસ બાતમીના આધારે ભુજ નજીક લોડાઇ ગામના 32 વર્ષીય ફકિરમામદ ઇશા ગગડાની ધરપકડ કરી છે. આ શખ્સ ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર અલગ-અલગ એકાઉન્ટ બનાવી આતંકવાદી જૂથ આઇસિસની વિચારધારાને પ્રોત્સાહન આપતી ઉશ્કેરણીજનક પોસ્ટ મુકતો હતો. પોલિસના જણાવ્યા પ્રમાણે આરોપી આઇસિસનાં ભૂતપુર્વ વડા અબુ બકર-અલ બગદાદીનાં સંદર્ભ સાથેનાં વિડીયો, તસવીરો અને લેખિત સામગ્રી પોસ્ટ કરતો હતો. મોબાઇલ ચેકિંગમાં આ ગેરકાયદેસર સામગ્રી મળી આવતા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે પધ્ધર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# MORBI-CERAMIC

પશ્ચિમ એશિયા યુદ્ધને પગલે ગેસ કટોકટીને કારણે દોઢ માસથી બંધ મોરબી સિરામિક ઉદ્યોગ પુનઃ ધમધમતો થયો છે. શહેરનાં 575 એકમો શરુ કરી દેવામાં આવ્યા, બાકીના પણ જલ્દી ચાલુ થાય તેવા સંકેત છે. 15 એપ્રિલથી 250 ફેક્ટરી શરુ કરવામાં આવી હતી અને પહેલી મેથી 575 સિરામિક ફેકટરીઓમાં ઉત્પાદન કાર્ય શરુ કરવામાં આવ્યું છે. આગામી 2-4 દિવસમાં બાકી ફેકટરીઓ પણ શરુ થઇ જશે. આ અંગે મોરબી સિરામિક એસોસિએશનનાં પ્રમુખ મનોજ એરવાડિયાએ વધુ માહિતી આપી.

**(BYTE :-MORBI CERAMIC ASSOCIATION PRESIDENT MANOJ AIRWADIA)**

ગેસ સપ્લાય અંગે શ્રી એરવાડિયાએ જણાવ્યું હતું કે હાલ પ્રોપેન ગેસ ઉપલબ્ધ નથી પરંતુ તમામ ફેકટરીઓ ગુજરાત ગેસના નેચરલ ગેસના વપરાશ સાથે પુનઃ શરુ થઇ ગઈ છે.

# GSEB-HSC RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ **(GSEB)** દ્વારા ધોરણ 12ની તમામ પ્રવાહોની પરીક્ષાનું પરિણામ 4 મે 2026 એ સોમવારે સવારે જાહેર કરવામાં આવશે. ફેબ્રુઆરી-માર્ચ 2026 દરમિયાન પરીક્ષા યોજાઇ હતી. વિજ્ઞાન, સામાન્ય, વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ ઉપરાંત **GUJCET**-2026 તથા સંસ્કૃત મધ્યમા પરીક્ષાના પરિણામ પણ એ જ દિવસે જાહેર થશે. વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બોર્ડની સત્તાવાર વેબસાઈટ **www.gseb.org** પર જોઈ શકશે. વોટ્સએપ દ્વારા પણ પરિણામ મેળવવા વિદ્યાર્થીઓએ પોતાનો બેઠક ક્રમાંક 6357300971 નંબર પર મોકલવાથી પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

## MLA-RAILWAY

ગુજરાતના ધારાસભ્યોને હવે રેલ્વે મુસાફરીમાં વધુ પ્રીમિયમ વિકલ્પો મળશે. નવા નિયમો અનુસાર, ધારાસભ્યો દેશમાં કોઈ પણ સ્થળે વંદે ભારત, તેજસ એક્સપ્રેસ તથા દૂરંતો એક્સપ્રેસ જેવી નવી ટ્રેનોમાં એકઝિક્યુટિવ ક્લાસમાં મુસાફરી કરી શકશે. નાણાંકીય વર્ષ દરમિયાન ધારાસભ્યો રાજ્યની અંદર 10 હજાર કિલોમીટર અને અન્ય રાજ્યમાં 20 હજાર કિલોમીટર સુધી મુસાફરી કરી શકશે. અગાઉ ધારાસભ્યોના પગાર અને ભથ્થા વધારવા માટે સમિતિની બેઠક મળી હતી, જેના અનુસંધાને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## MIB-PRASAR BHARTI CHAIRMAN

માહિતી અને પ્રસારણ મંત્રાલયે દૂરસંદેશાવ્યવહાર નિષ્ણાત પ્રસૂન જોશીને દેશના જાહેર સેવા પ્રસારક, પ્રસાર ભારતીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. શ્રી જોશીનું કાર્યશ્રેત્ર પ્રશંસનીય ફિલ્મી ગીતો, જાહેરાત ઝુંબેશો અને સામાજિક રીતે પડઘો પાડતી વાર્તાઓ સુધી વિસ્તરેલું છે જે દેશભરના વિવિધ પ્રેક્ષકોને જોડે છે.

તેમની નિયુક્તિ અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, શ્રી જોશી એક દુર્લભ સર્જનાત્મક વ્યક્તિત્વ છે જેમની વિશ્વભરમાં જાહેરાત, સાહિત્ય, કલા અને સિનેમા ક્ષેત્રે પ્રશંસા થાય છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે જોશીના શબ્દોમાં માટીની સુગંધ છે, અને તેમની દ્રષ્ટિ દેશની સંસ્કૃતિના કાલાતીત સારને પ્રતિબિંબિત કરે છે. મંત્રીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે તેમના માર્ગદર્શન હેઠળ, પ્રસાર ભારતી નવી ઊર્જા, ઊંડા ઉદ્દેશ્ય અને એક નવા સર્જનાત્મક અવાજની શોધ કરશે.

અગાઉ, શ્રી જોષી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન, મુંબઇનાં અધ્યક્ષ રહી ચૂક્યા છે.

## WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 7 દિવસ સુધી રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે. આગામી 24 કલાક સુધી તાપમાનમાં કોઈપણ ફેરફાર જોવા મળશે નહીં, ત્યારબાદ બેથી ત્રણ ડિગ્રી સુધી તાપમાન ઘટવાનું અનુમાન છે. અમદાવાદમાં સૌથી વધુ 43.3 ડિગ્રી તાપમાન રહ્યું છે. અમદાવાદ શહેરમાં આજે 44 ડિગ્રી તાપમાન રહેવાની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની પણ અસર જોવા મળી રહી છે. તેમજ પશ્ચિમ રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપી.

**(BYTE :- METEOROLOGICAL DEPARTMENT SCIENTIST RAMASHRAY YADAV)**

દરિયાકાંઠા વિસ્તારમાં 45થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. માછીમારોને દરિયો ન ખેડવા માટે સુચના આપવામાં આવી છે. આવતીકાલે અમદાવાદમાં **43** ડિગ્રી તાપમાન રહેવાનું અનુમાન છે. ભાવનગરમાં આજે મહત્તમ તાપમાન **40.8** ડિગ્રી નોંધાયું હતું અને **28** કિલોમીટરની ઝડપે ગરમ પવન ફુંકાયા હતા.

# PATAN-PATOLA-AWARD

ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે પાટણના પટોળાના કસબી પરિવારની વર્ષો જૂની બેનમુન વણાટકલા કળાને "ગુજરાત ગરિમા એવોર્ડ" થી બિરદાવાઈ છે. પાટણ પટોળા પરિવારના માસ્ટર ભરત સાલવીને સમગ્ર દેશમાં પટોળાની બેનમૂન હસ્તકલાને જાળવી રાખવા બદલ રાજ્યપાલ અને મુખ્યમંત્રી દ્વારા પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. આ વિશિષ્ટ સન્માન પાટણનાં પટોળાની કાલાતીત પરંપરાને તેના શુદ્ધ અને અસલ સ્વરૂપમાં જાળવી રાખવા માટેના તેમના જીવનભરના સમર્પણને બિરદાવે છે.